SGCCI

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૪/૧૨/૨૦૨૩

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'વેબ એપ્લિકેશન સિકયુરિટી' વિષય પર વર્કશોપ યોજાયો

## વેબ એપ્લિકેશન સિકયુરિટીના એકસપર્ટ દ્વારા હેકર્સ ડેટાને એપ્લિકેશન પરથી કેવી રીતે પ્રાપ્ત કરે છે? અને ડેટાને હેકર્સથી બચાવવા કયા પગલાં લેવા જોઈએ તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૦૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'વેબ એપ્લિકેશન સિકયુરિટી' વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વેબ એપ્લિકેશન સિકયુરિટીના એકસપર્ટ એવા ભૌતિક નાસિત અને પ્રતિક પટેલે કંપનીના અથવા પ્રાઈવેટ ડેટાને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય? તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આ વર્કશોપમાં નિષ્ણાંતોએ હેકર્સ ડેટાને એપ્લિકેશન પરથી કેવી રીતે પ્રાપ્ત કરે છે? અને ડેટાને હેકર્સથી બચાવવા કયા પગલાં લેવા જોઈએ તે અંગે વિસ્તૃત સમજણ આપી હતી. સાથે જ એસકયુએલ ઈન્જેકશન અને કમાન્ડ ઈન્જેકશન અંગે ઉપસ્થિતોને તેમના લેપટોપ પર પ્રેકટીકલ કરાવી જાગૃત કરવામાં આવ્યા હતા. ફાઈલ અપલોડ કરતી વખતે હેકર્સ રેમન્ડસવેરને સિસ્ટમમાં કેવી રીતે ઈન્સ્ટોલ કરે છે? તે અંગે પણ નિષ્ણાંતોએ વિસ્તૃત સમજણ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેન પરેશ લાઠિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની સાયબર સિકયુરિટી કમિટીના ચેરમેન નિરવ ગોટીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની વર્કશોપનું સમાપન કર્યું હતું.